PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST:
1). Principal Gov. Arts,Commerce, Science & Law College ,Class-IAdvt :-103/2016-17(AJF)
2).Asst. Director Biology Class-IAdvt:-115/2016-17(AKG)
3).Asst.Physics Class-IAdvt:-116/2016-17(ALH)
4).Asst.Director Chemistry ,Class-I, Advt:-117/2016-17(AMI)
5).Deputy Industries Commisioner, Class-I, Advt:-119/2016-17(ANJ)
6).Deputy Director IT Class-I, Advt:-130/2016-17(AOK)
Date of Premilinary Test : 21-5-2017
Subject : General Studies ( 001 to 100 )
Date of Publication :28-05-2017
Last Date to send suggestion(s) : 3-06-2017
Note:
1). All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.
2). All Suggestions are to be sent in the given format only.
3). Candidate must ensure the above complaince.

001. દેશના ઘરગથ્થુ ઉત્પાદનમાં (GDP) માં સને 15-16 ના વર્ષમાં ગુજરાતનો કેટલો હિસ્સો છે ?

(A) 10.4% (B) 7.3%

(C) 10.5% (D) 10.6

002. રાજ્યની 29% વસ્તી ત્રણ જિલ્લાઓમાં વસે છે. આ ત્રણ જિલ્લાઓ કયા છે ?

(A) અમદાવાદ, વડોદરા, મહેસાણા (B) અમદાવાદ, વડોદરા, સુરત

(C) અમદાવાદ, સુરત, રાજકોટ (D) રાજકોટ, સુરત, જામનગર

003. DMIC (દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર) સંબંધમાં કયું વાક્ય યોગ્ય છે ?

(A) કેન્દ્ર સરકાર દ્વારા 24 વિસ્તારો નક્કી કરવામાં આવેલ છે જે પૈકી 6 ગુજરાતમાં છે.

(B) DMIC સાથે MOU કરીને સર્વાંગી વિકાસ-વિસ્તારનું આયોજન કરવામાં આવેલ છે.

(C) GIDB-DMIC ના વિકાસ માટેની એક મધ્યવર્તી સંસ્થા છે.

(D) ઉપરોક્ત બધા જ વાક્યો યોગ્ય છે.

004. ખનિજ અને ખનિજ ઉત્પાદન કરતું અગત્યનું રાજ્ય - ની જોડીમાંથી કઈ જોડી યોગ્ય નથી ?

(A) કોલસો - ઝારખંડ (B) બોક્સાઈટ - ઓડીસા

(C) સોનુ - મધ્યપ્રદેશ (D) અબરખ - આંધ્રપ્રદેશ

005. નીચેના પૈકી કઈ રેલવેની મુસાફર ટ્રેન સૌથી વધુ અંતર કાપે છે ? (The longest train journey in India)

(A) હિમસાગર એક્સપ્રેસ : જમ્મુતાવી - કન્યાકુમારી

(B) વિવેક એક્સપ્રેસ : દિબ્રુગઢ - કન્યાકુમારી

(C) નવયુગ એક્સપ્રેસ : મેંગલોર - જમ્મુતાવી

(D) રાપ્તીસાગર એક્સપ્રેસ - એરનાકુલમ - બરૂની

006. દેશમાં કયા વિમાની મથક ઉપર પ્રવાસીઓની સૌથી વધુ અવરજવર (Movement) રહેલી છે.

(A) ઇન્દીરા ગાંધી ઇન્ટરનેશનલ એયરપોર્ટ (B) છત્રપતિ શિવાજી ઇન્ટરનેશન એયરપોર્ટ

(C) અન્ના ઇન્ટરનેશનલ એયરપોર્ટ (D) કેમ્પી ગોવડા ઇન્ટરનેશનલ એયરપોર્ટ

007. પૃથ્વી પરનું સૌથી મોટુ પક્ષી કયું છે ?

(A) ઈમું (Emu) (B) શાહમૃગ (Ostrich)

(C) અલ્બાટ્રોસ (Albatross) (D) સાયબેરીયન કેન (Siberian Crane)

008. ઇન્ડિયન રોલર (નિલકંઠ પક્ષી) કયા રાજ્યમાં રાજ્ય પક્ષી તરીકે ગણવામાં આવે છે ? (Indian Roller)

(A) આંધ્રપ્રદેશ (B) કર્ણાટક

(C) ઓડીસા (D) ઉપરોક્ત બધા જ રાજ્યો

009. દેશમાં ખાદ્ય પદાર્થના ઉત્પાદન માટે (Food Grain Production) કયા પાક માટે મહત્તમ જગ્યા વાવણી માટે ઉપયોગમાં લેવામાં આવે છે ?

(A) જુવાર (B) બાજરી

(C) ડાંગર (D) ઘઉં

010. ભારતમાં બંધારણે કેટલી ભાષાઓને અગત્યની ભાષા તરીકે બંધારણના 8મા શેડ્યુલ (Schedule)માં ઉમેરવામાં આવેલી છે ?

(A) 21 (B) 22

(C) 23 (D) 24

011. ભારતમાં સૌથી જૂની, કાર્યરત કઈ રિફાઈનરીને "ગંગોત્રી ઓફ ધ ઇન્ડિયન હાઈડ્રોકાર્બન સેક્ટર" તરીકે ઓળખવામાં આવે છે ?

(A) દિગ્બોઈ (Digboi) (B) બરોની (Barauni)

(C) હલ્દીયા (Haldia) (D) કોયલી / ગુજરાત

012. નીચેનની બાબતો કયા રાજ્યને લાગુ પડે છે ?

1. રાજ્યનો ઉત્તરનો ભાગ પ્રમાણમાં ઉજ્જડ / સૂકો છે.
2. રોકડીયા પાકનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે.
3. મધ્ય ભાગમાં કપાસનું વાવેતર થાય છે.

(A) ગુજરાત (B) આંધ્રપ્રદેશ

(C) કર્ણાટક (D) તામિલનાડુ

013. તહેવારો (Festival) અને સંબંધિત રાજ્યના જોડકામાંથી કયું જોડકું યોગ્ય નથી ?

(A) ગણગૌર - રાજસ્થાન (B) દુર્ગા પૂજા - કેરલા

(C) ગણેશ ચતુર્થી - મહારાષ્ટ્ર (D) જન્માષ્ટમી - ઉત્તરપ્રદેશ

014. નંદલાલ બોઝ, મનજીત બાવા, તૈયાબ મહેતા એ કયા ક્ષેત્રમાં અગત્યનું પ્રદાન કરેલ છે ?

(A) રાગદારી - સંગીત ક્ષેત્ર (B) લેખન (વાર્તાઓ)

(C) ચિત્રકલા (D) ફોટોગ્રાફી

015. નીચેના પૈકી કયા મહાનુભાવને જ્ઞાનપીઠ એવોર્ડ (Jnanpith Award) આપવામાં આવેલ છે ?

(A) શ્રી વિજય તેંડુલકર (B) શ્રી કૈફી આઝમી

(C) શ્રી જાવેદ અખ્તર (D) શ્રી ગિરીશ કર્નાડ

016. ભારતના પ્રથમ મહિલા ફોટોગ્રાફર (First Woman Photographer) કોણ હતા ?

(A) હોમી વ્યારાવાલા (B) અર્પીતા સીંગ

(C) ભક્તિ ખેર (D) હેમા ઉપાધ્યાય

017. લુસાંગ ઉત્સવ (Losoong Festival) કયા રાજ્યમાં ઉજવાય છે ?

(A) અરુણાચલ પ્રદેશ (B) સીક્કીમ

(C) તિબેટ (D) કેરલા

018. સોનપુર પશુ મેળો (Sonepur Cattle Fair) કયા રાજ્યમાં આયોજીત થાય છે ?

(A) બિહાર (B) ગુજરાત

(C) રાજસ્થાન (D) ઉત્તરપ્રદેશ

019. લેખક અને તેમની કૃતિઓ દર્શાવતા કઈ જોડ યોગ્ય નથી ?

(A) દલપતરામ ત્રવાડી - મિથ્યાભિમાન (B) નર્મદાશંકર દવે - નવ કરશો કોઈ શોક

(C) નવલરામ પંડ્યા - રુદન રસિક (D) નંદશંકર પંડ્યા - કરણઘેલો

020. બંદરો (Ports) અને સંબંધીત રાજ્યના જોડકામાંથી કયું જોડકું યોગ્ય નથી ?

(A) કંડલા પોર્ટ - ગુજરાત

(B) નવ્હાશીવા પોર્ટ (જવાહરલાલ નહેરુ પોર્ટ) - મહારાષ્ટ્ર

(C) કોચી પોર્ટ - કેરલા

(D) પારાદ્વીપ - તામિલનાડુ

021. ધાર્મિક સ્થળો અને રાજ્યોને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| 1. બદ્રિનાથ મંદીર | a. ઉત્તરાખંડ |
| 2. કોણાર્ક સૂર્ય મંદીર | b. ઓડીસા |
| 3. બૃહદેશ્વરા મંદીર | c. તામિલનાડુ |
| 4. સાંચી સ્તૂપ | d. મધ્યપ્રદેશ |

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a

(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d

(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b

(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

022. વાડીયા ઈન્સ્ટીટ્યૂટ ઑફ હિમાલયન જીયોલોજી (Wadia Institute of Himalayan Geology) કયા સ્થળે આવેલી છે ?

(A) દિલ્હી

(B) સિમલા

(C) દહેરાદુન

(D) મસુરી

023. બીજાપુર (કર્ણાટક) શા માટે પ્રખ્યાત છે ?

(A) ગોમટેશ્વરની પ્રતિમા

(B) ગોળ ગુંબજ

(C) સૌથી વધારે વરસાદ પડતો હોય તેવું સ્થળ

(D) પાણીપત યુદ્ધના યુદ્ધ મેદાન તરીકે

024. નેશનલ પાવર ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યૂટ (National Power Training Institute) નું મુખ્ય મથક કઈ જગ્યાએ છે ?

(A) પૂણે

(B) ભોપાલ

(C) ફરીદાબાદ

(D) લખનૌ

025. નીચેના પૈકી કઈ લોન પેટે ટીઝર રેટ (Teaser Rates) લાગુ પાડવામાં આવે છે ?

(A) ઘર માટેની લોન (Home Loan)

(B) અંગત કામ માટેની લોન (Personal Loan)

(C) વાહન માટેની લોન (Auto Loan)

(D) રીવર્સ માર્ટગેજ લોન (Reverse Mortgage Loan)

026. ખેતીવાડી ક્ષેત્ર અને ગ્રામ્ય વિકાસની લોન માટે પુનઃધિરાણ (Refinance) કોણ આપે છે ?

(A) રીઝર્વ બેન્ક (RBI)

(B) સીડબી (SIDBI)

(C) નાબાર્ડ (NABARD)

(D) સેબી (SEBI)

027. સરફેસી એક્ટ 2002 (SARFAESI Act - 2002) કયા હેતુ માટે બનાવવામાં આવેલો છે ?

(A) બાકી નાણાની વસૂલાત કરવા

(B) પરદેશી ચલણના વ્યવહારો નિયંત્રણ કરવા

(C) વ્યાજના દરો નક્કી કરવા

(D) નાની બેન્કોને હસ્તગત કરવા

028. નીચેના પૈકી કયા પાકના ખેતરોમાં પાણી ભરાઈને રહે (Water logging in farm) તે જરૂરી છે ?

(A) ચા (Tea)

(B) કૉફી (Coffee)

(C) ચોખા (Rice)

(D) રાઈ, સરસવ (Mustard)

029. મિનિમમ સપોર્ટ પ્રાઈઝ (MSP) બાબતે કયું વાક્ય યોગ્ય નથી ?

(A) MSP ભારત સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવે છે.

(B) MSP નાણા મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવે છે.

(C) વધારે ઉત્પાદનના કિસ્સામાં ભાવમાં અચાનક મોટો ઘટાડો થાય તે રાજ્યોમાં MSP ઉપયોગી બને છે.

(D) MSP ને કારણે ખેડૂતો અનાજનું ઉત્પાદન કરે છે અને ચોક્કસ ભાવની ખાત્રી મળે છે.

030. ગિવીંગ પ્લેજ (Giving Pledge) સહી કરનાર પ્રથમ ભારતીય કોણ હતા ?

(A) અઝીઝ પ્રેમજી (Aziz Premji)

(B) કિરણ મજુમદાર શૉ (Kiran Majumder Shaw)

(C) મુકેશ અંબાણી (Mukesh Ambai)

(D) નંદન નિલેકણી (Nandan Nilekani)

031. IRDA (ઇરડા) કયા ક્ષેત્રના નિયંત્રક (Regulator) તરીકે કામ કરે છે ?

(A) બેન્કીંગ સેક્ટર (Banking Sector)

(B) મ્યુચ્યલ ફંડ (Mutual Fund)

(C) રૂરલ ડેવલપમેન્ટ (Rural Development)

(D) વીમા ક્ષેત્ર (Insurance Sector)

032. નીતિ આયોગની ગવર્નીંગ કાઉન્સીલની ત્રીજી બેઠકમાં નીચેના પૈકી કયો નિર્ણય લેવાયેલ નથી ?

(A) 2032 સુધીનો એજન્ડા બનાવવાનું આયોજન

(B) ત્રણ વર્ષનો એક્શન પ્લાન

(C) 15 વર્ષનું લાંબાગાળાનું વિઝન

(D) વ્યક્તિ દીઠ જીડીપી (GDP) માં રૂા. 10 લાખનો વધારો

033. તેજસ્વીની પ્રોજેક્ટ (Tejaswini Project) અંગે કયું વાક્ય યોગ્ય નથી ?

(A) આ પ્રોજેક્ટ વર્લ્ડ બેંક દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ છે.

(B) તરૂણ કિશોરીઓ અને યુવાન સ્ત્રીઓને વધુ કાર્યક્ષમ બનાવવાનો મુખ્ય હેતુ છે.

(C) ઝારખંડ રાજ્યમાં આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે.

(D) આ પ્રોજેક્ટ 10 વર્ષના સમયગાળા માટે છે.

034. IBC - 2016 (Insolvency and Bankruptcy Code 2016) ની મુખ્ય બાબતો કઈ છે ?

1. વ્યક્તિઓ માટેની નાદારી પ્રક્રિયા 180 દિવસમાં પૂર્ણ કરવી.
2. ઈન સૉલ્વન્સી અને બેન્કરપ્સી બોર્ડ ઑફ ઇન્ડિયાની રચના

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) 1 અને 2

(D) 1 અને 2 પૈકી એકપણ નહીં

035. સૉવરિન ગોલ્ડ બૉન્ડ યોજના 2015 (Sovereign Gold Bond Scheme 2015) બાબતે કયું વાક્ય યોગ્ય નથી ?

(A) આ બૉન્ડ નાબાર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા છે.

(B) FEMA મુજબ ભારતમાં રહેનાર વ્યક્તિ આમાં રોકાણ કરી શકે છે.

(C) 1 ગ્રામથી 500 ગ્રામ સુધીના બોન્ડ ખરીદી શકાય છે.

(D) શેડ્યુલ કોમર્શીયલ બેંકો મારફત આ ખરીદી કરી શકાય છે.

036. મિશન ઈન્દ્રધનુષ (Mission Indradhanush) કોની સાથે સંબંધ ધરાવે છે ?

(A) સમુદ્ર કિનારાના વિસ્તારોનો વિકાસ

(B) જાહેર ક્ષેત્રની બેંકોને પુનઃકાર્યક્ષમ બનાવવી

(C) વરસાદ અંગેની આગોતરી માહિતી મેળવવી

(D) પર્યાવરણ સંબંધીત અભ્યાસ કરવો

037. ચંદ્રગુપ્ત - બીજો (વિક્રમાદિત્ય) બાબતમાં નીચેનું કયું વાક્ય યોગ્ય નથી ?

(A) કવિ કાલીદાસ, ધનવંતરી જેવા મહાનુભાવો તેના દરબારમાં હતા.

(B) ઉજ્જૈનને અગત્યના શહેરનો દરજ્જો આપવામાં આવેલ હતો.

(C) ફા-હેન (Fa-hien) ચીની મુસાફર તેના સમયમાં તેના રાજ્યમાં આવેલ હતો.

(D) દિલ્હી ખાતેનો લોખંડનો સ્થંભ તેના વખતમાં બનાવવામાં આવેલ હતો.

038. મોગલ બાદશાહના રાજ્ય સંભાળવાના સમયને ક્રમાનુસાર ગોઠવો.

| | |
|---|---|
| a. જહાંગીર | 1. 1526 |
| b. અકબર | 2. 1530 |
| c. હુમાયુ | 3. 1556 |
| d. બાબર | 4. આગ્રા ખાતે 1605માં સત્તા સંભાળી |

(A) a - 2, b - 1, c - 4, d - 3

(B) a - 1, b - 2, c - 3, d - 4

(C) a - 4, b - 3, c - 2, d - 1

(D) a - 3, b - 2, c - 1, d - 4

039. યુદ્ધ (War) અને સંબંધીત વર્ષની જોડીમાંથી કઈ જોડી યોગ્ય નથી ?

(A) પ્રથમ કર્ણાટક યુદ્ધ - 1746-'48

(B) બીજુ કર્ણાટક યુદ્ધ 1749-'54

(C) બીજુ કર્ણાટક યુદ્ધ 1757-'63

(D) બકસરનું યુદ્ધ (Buxar war) - 1746

040. બ્રિટીશ સમય દરમ્યાનના બનાવ માટે કયુ વાક્ય યોગ્ય નથી ?

(A) 1773 - વૉરન હેસ્ટીંગ દ્વારા 1773માં જમીન મહેસૂલ ઉઘરાવવા માટે હરાજીની પધ્ધતિ શરૂ કરવામાં આવી.

(B) 1791 - વારાણસી ખાતે સંસ્કૃત કૉલેજની સ્થાપના.

(C) 1813 - ચાર્ટર એક્ટ 1813 મુજબ શિક્ષણ માટે રૂા. 1 લાખનું અનુદાન.

(D) 1865 - વિધવા પુનઃવિવાહ કાયદો પસાર

041. ગુજરાતના બંદરો અને તે સંબંધીત વિગતો પૈકી કઈ બાબત યોગ્ય નથી ?

(A) મગદલ્લા : નર્મદા નદીના મુખ પાસે આવેલ છે.

(B) દહેજ : ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલ છે.

(C) વાડીનાર : જામનગર / દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ છે.

(D) પીપાવાવ : અમરેલી જિલ્લામાં આવેલ છે.

042. ભારતના સ્વતંત્રતા-સંગ્રામ દરમ્યાન નીચેના પૈકી કોણે પરદેશમાં રહીને સ્વતંત્રતા માટે પ્રયત્ન કરેલ ?

1. શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા

2. શ્રી સરદારસિંહ રાણા

3. શ્રી માદામ ભીખાઈજી કામા

4. શ્રી દુર્ગારામ મહેતાજી

(A) 1, 2, 3 ને 4
(B) 1, 2 ને 3
(C) 1, 2 ને 4
(D) 1, 3 ને 4

043. સુમતી મોરારજી કયા ક્ષેત્રમાં યોગદાન માટે જાણીતા છે ?

(A) રાજકારણ
(B) ચિત્રકલા
(C) વહાણવટાનો ઉદ્યોગ (Shipping Industry)
(D) સંગીત કલા

044. સંસ્થાઓ અને તેના અગ્રગણ્ય સ્થાપકો પૈકી કયું જોડકું યોગ્ય નથી ?

(A) હરિજન સેવક સંઘ - ગાંધીજી
(B) ભીલ સેવા સમાજ - ઠક્કર બાપા
(C) વનિતા આશ્રમ - પંડીત રમાબાઈ
(D) જ્યોતિસંઘ - શ્રીમતી મૃદુલા સારાભાઈ

045. નીચેના પૈકી કોનો સમાવેશ RBI દ્વારા, બેંકમાં થતો નથી ?

(A) સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા (SBI)
(B) ખાનગી બેંકો
(C) શેડ્યુલ બેંકો
(D) સહકારી ધિરાણ મંડળીઓ

046. શ્રી બસવાના (Basavanna) અંગે કયુ વાક્ય યોગ્ય નથી ?

1. તેઓ 12મી સદીના કર્ણાટકી ભાષાના કવિ ફિલસૂફ અને સમાજ સુધારક હતા.

2. તેઓ કલાચૂરી - રાજવંશના સમયમાં મુખ્યમંત્રીહતા અને "અનુભવા મંડપા"નું આયોજન કરેલ હતું

(A) પ્રથમ વાક્ય યોગ્ય નથી.
(B) બીજુ વાક્ય યોગ્ય નથી.
(C) બંને વાક્યો યોગ્ય છે.
(D) બંને વાક્યો યોગ્ય નથી.

047. સ્થાપત્ય અને તેના સ્થળને દર્શાવતા જોડકાંમાંથી કયું જોડકું યોગ્ય નથી ?

(A) શબર કન્યા પાર્વતી - શામળાજી
(B) ચામરધારી પ્રતિહારી - મોઢેરા
(C) કલ્કિ - પાટણની રાણીની વાવ
(D) હઠીસિંહનું જૈન મંદિર - વડોદરા

048. ભારતનું સંવિધાન કઈ તારીખના રોજ અપનાવી, અધિનિયમિત કરીને પોતાને અર્પિત કરવામાં આવેલ હતું ?

(A) 26 નવેમ્બર, 1949
(B) 26 જાન્યુઆરી, 1949
(C) 15 ઑગસ્ટ, 1949
(D) 1 જાન્યુઆરી, 1949

049. "સંવિધાનના આરંભ પહેલાં અમલમાં હોય તે તમામ કાયદા મૂળભૂત હક્કોની જોગવાઈઓ સાથે અસંગત હોય તે પૂરતાં રદબાતલ ગણાશે." - આ જોગવાઈ કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 11
(B) 12
(C) 13
(D) 14

050. "જાહેર વ્યવસ્થા, નિતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ આવે એ રીતે ધાર્મિક આસ્થા સ્થાપવાનો અને નિભાવવાનો અધિકાર." - આ વિધાનના કયા આર્ટિકલથી આપવામાં આવેલ છે ?

(A) 23
(B) 24
(C) 25
(D) 26

051. દેશનું રક્ષણ કરવું અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં તેમ કરવાની જોગવાઈ સંવિધાનના કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 51 (B) 52

(C) 50 (D) 53

052. "કોઈ ન્યાયાલયથી રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈનો અમલ કરાવી શકશે નહીં." - આ બાબત સંવિધાનના કયા આર્ટિકલમાં દર્શાવવામાં આવેલ છે ?

(A) 36 (B) 37

(C) 38 (D) 39

053. "રાજ્ય સભામાં રાષ્ટ્રપતિ 12 સભ્યોને નિયુક્ત કરી શકે છે." - આ જોગવાઈ સંવિધાનના કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 78 (B) 79

(C) 80 (D) 81

054. 'મા. રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રમાણસર પ્રતિનિધિત્વ અનુસાર ક્રમિક મતપદ્ધતિથી કરવામાં આવશે અને મતદાન ગુપ્ત રહેશે.' - આ જોગવાઈ સંવિધાનના કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 53 (B) 54

(C) 55 (D) 56

055. અગત્યની આઠ ઔદ્યોગિક પ્રવૃત્તિઓ પૈકી ઈન્ડેક્સ ઑફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (Index of Industrial Production) માં કોનો સમાવેશ થાય છે ?

(A) રિફાઈનરી પ્રોડક્ટ, સ્ટીલ, વીજળી (B) વીજળી, ખાતર ઉત્પાદન, નેચરલ ગેસ

(C) ખાતર ઉત્પાદન, સિમેન્ટ, નેચરલ ગેસ (D) સિમેન્ટ, કોલસો અને વીજળી

056. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચા છે ?

1. રાજ્યપાલને મા. રાષ્ટ્રપતિ પોતાના સહી સિક્કાવાળા આદેશપત્રથી નીમશે.

2. મા. રાજ્યપાલ વિધાનસભામાં ત્રણ વ્યક્તિઓની નિમણૂંક કરી શકે છે.

3. મા. રાજ્યપાલશ્રી ગુનેગારની સજામાં ઘટાડો કરી શકે છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1

057. 'ભારતમાં એક ઉચ્ચતમ ન્યાયાલય રહેશે અને તેમાં મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયાધીશો હશે.' - આ જોગવાઈ કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 123 (B) 124

(C) 125 (D) 122

058. પંચાયતમાં બેઠકો અનામત રાખવાની જોગવાઈ સંવિધાનના કયા આર્ટિકલમાં દર્શાવેલ છે ?

(A) 243 (B) 242

(C) 241 (D) 244

059. સેન્ટ્રલ વિજીલન્સ કમિશ્નર (Central Vigilance Commissioner) ની નિમણૂંક મા. રાષ્ટ્રપતિશ્રી કમીટીની ભલામણના આધારે કરે છે. આ કમીટીમાં કોણ સભ્યશ્રીઓ હોય છે ?

(A) વડાપ્રધાન, ગૃહપ્રધાન અને વિરોધ પક્ષના નેતા

(B) વડાપ્રધાન, ગૃહપ્રધાન અને નાણાપ્રધાન (મંત્રી)

(C) લોકસભાના અધ્યક્ષશ્રી, વડાપ્રધાન અને ગૃહમંત્રી

(D) ઉપરોક્ત પૈકી કોઈપણ નહીં.

060. 'સંઘને એક લોક સેવા આયોગ' (Public Service Commission for Union) રહેશે.' - આ જોગવાઈ સંવિધાનના કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 314 (B) 315

(C) 316 (D) 317

061. ચૂંટણી આયોગમાં મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય કમિશ્નરોની નિમણૂંક કોણ કરે છે ?

(A) મા. રાષ્ટ્રપતિ (B) મા. ઉપરાષ્ટ્રપતિ

(C) મા. વડાપ્રધાનશ્રી (D) મા. ગૃહમંત્રીશ્રી

062. સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'સ્વચ્છ સર્વેક્ષણ 2017' મુજબ દેશનું સૌથી સ્વચ્છ શહેર કયું છે ?

(A) ભોપાલ (B) ઈન્દોર

(C) સુરત (D) તિરૂપતી

063. "વિદ્યા-વિરતા અભિયાન" કયા હેતુસર શરૂ કરવામાં આવેલ છે ?

1. પરમવીર ચક્ર મેળવેલ સૈનિકોનો વિદ્યાર્થીઓને ફોટાના માધ્યમથી જાણકારી આપવી.
2. વિદ્યાર્થીઓને લશ્કરી તાલીમ આપવી.
3. વિદ્યાર્થીઓને સીમા અંગેની જાણકારી આપવી.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) માત્ર 3 (D) 1, 2 અને 3

064. ખાલી જગ્યામાં યોગ્ય તારીખ જણાવો.

4/12/1995 - 1/1/1995 - 29/1/1996 - 26/2/1996 - ..........

(A) 24/3/1996 (B) 25/3/1996

(C) 26/3/1996 (D) 27/3/1996

065. ઉંદરની જોડીમાં બિલાડી હોય તો માખીની જોડીમાં ............ હશે.

(A) ઉંદર (B) પ્રાણી

(C) કરોળિયો (D) ઘોડો

066. એક ગ્રહ ઉપર પૃથ્વી, પાણી, પ્રકાશ, હવા અને આકાશને અનુક્રમે આકાશ, પ્રકાશ, હવા, પાણી અને પૃથ્વીના નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રહ ઉપર તરસ લાગી હોય તો કઈ વસ્તુની માંગણી કરવી પડશે ?

(A) આકાશ (B) પાણી

(C) પ્રકાશ (D) હવા

067. ખાલી જગ્યા પૂરો :




(A) 36 (B) 49

(C) 64 (D) 81

068. એક કુટુમ્બમાં 6 વ્યક્તિઓ છે અને તેઓની માસીક સરેરાશ આવક 15,000 રૂા. છે. એક વ્યક્તિની માસીક આવકમાં રૂા. 60,000 નો વધારો થાય તો કુટુમ્બની સરેરાશ આવક કેટલી થશે ?

(A) 15,000 રૂા. (B) 75,000 રૂા.

(C) 25,000 રૂા. (D) 60,000 રૂા.

069. ગામની ટાંકીને પૂર્ણપણે ભરાતા 20 પંપ 3 દિવસ ચલાવવા પડે છે. જો આ ટાંકી 2 દિવસમાં પૂર્ણપણે ભરવી હોય તો વધારાના કેટલા પંપની જરૂરીયાત રહે ?

(A) 30 (B) 20

(C) 10 (D) 60

070. હાલમાં માતાની ઉંમર તેના બે બાળકોની ઉંમર કરતાં ત્રણ ગણી છે. પાંચ વર્ષ બાદ માતાની ઉંમર તેના બે બાળકોની ઉંમરના બે ગણી થાય છે. તો હાલમાં માતાની ઉંમર કેટલી હશે ?

(A) 40 (B) 45

(C) 50 (D) 35

071. એક મંદિરમાં ત્રણ ઘંટ (Bells) છે. પ્રથમ ઘંટ દર 9 મીનીટ, બીજો ઘંટ 12 મીનીટ અને ત્રીજો ઘંટ 15 મીનીટના વિરામ બાદ વાગે છે. આ સંજોગોમાં જો પ્રથમ વખત બધા ઘંટ સવારે 8 વાગે વગાડવામાં આવે તો બધા ઘંટ ફરીથી ક્યારે વગાડવામાં આવશે ?

(A) 9:00 કલાકે (B) 10:00 કલાકે

(C) 11:00 કલાક (D) 12:00 કલાકે

072. એક કામના કરાર મુજબ સમયસર કામ પૂર્ણ ન થાય તો પ્રથમ દિવસે 200 રૂા. અને પછીના દિવસે 250 એમ દરરોજ 50 રૂા. દંડમાં વધારો થાય છે. જો કામ 10 દિવસ મોડુ થાય તો કેટલો દંડ થશે ?

(A) 4950 (B) 3600

(C) 4650 (D) 4250

073. એક માળી પાસે 1000 છોડ છે. તે છોડ તે સીધી અને આડી હાર (Line)માં લગાડવા માંગે છે, પરંતુ સીધી અને આડી હાર (Line)માં સરખી સંખ્યામાં છોડ લગાડવા હોય તો તેને કેટલા વધુ છોડની જરૂરીયાત રહેશે ?

(A) 24 (B) 36

(C) 25 (D) 16

074. એક વ્યક્તિ પાસે 700 રૂા. છે અને તે 7 બાળકોને આ રકમ આપવા માગે છે, પ્રથમ બાળકને બીજા કરતા રૂા. 20 ઓછા મળવા જોઈએ આ સંજોગોમાં સૌથી ઓછી રકમ કેટલી હશે ?

(A) 30 (B) 40

(C) 50 (D) 60

075. વૉશીંગ મશીન (Washing Machine) કયા સિદ્ધાંત ઉપર કાર્ય કરે છે ?

(A) ડાયાલિસિસ (Dialysis)
(B) કેન્દ્રત્યાગી (Centrifugation)
(C) વિપરીત અભિસરણ (Reverse Osmosis)
(D) પ્રસાર (Diffusion)

076. કયા પ્રકારની માટીને પલાળવામાં આવે છે, ત્યારે તે ફુલે (Swells) છે, અને સૂકાય ત્યારે તેમાં તિરાડો (Crack) પડે છે. આ માટી કયા પ્રકારની માટી છે ?

(A) કાળી માટી (Black Soil)
(B) કાંપવાળી માટી (Alluvial Soil)
(C) લેટરાઈટ માટી (Laterite Soil)
(D) ભેજવાળી જમીન (Peaty Soil)

077. ભારતમાં કૉફીનું સૌથી વધુ ઉત્પાદન (Coffee Production) કયા રાજ્યમાં થાય છે ?

(A) આંધ્રપ્રદેશ
(B) તામિલનાડુ
(C) કેરળ
(D) કર્ણાટક

078. રેડીયમ (Radium)ના શોધક કોણ છે ?

(A) જ્હોન જેકોબ (John Jacob)
(B) મેરી ક્યુરી અને પેરી ક્યુરી (Marie Curie & Pierre Curie)
(C) હંફી ડેવી (Humphy Davy)
(D) જોસેફ વી. કેનેડી (Joseph V. Kennedy)

079. જમીનના અભ્યાસને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) બોટની (Botany)
(B) એંથ્રોપોલોજી (Anthropology)
(C) પીડોલોજી (Pedology)
(D) એસ્ટ્રોનોમી (Astronomy)

080. ખુલ્લામાં રાખેલ પિત્તળનો રંગ બદલાઈ જાય છે, આ ફેરફાર કયા વાયુના કારણે થાય છે ?

(A) પ્રાણવાયુ (Oxygen)
(B) હાયડ્રોજન સલ્ફાઈડ (Hydrogen Sulphide)
(C) કાર્બન ડાયોક્સાઈડ (Carbon Dioxide)
(D) નાઈટ્રોજન (Nitrogen)

081. નીચેના પૈકી કઈ ધાતુ અન્ય ધાતુમાં મિશ્રણ (Amalgam) થઈ શકે છે ?

(A) કલાઈ (Tin)
(B) પારો (Mercury)
(C) સીસું (Lead)
(D) જસત (Zinc)

082. 'ગ્રીન હાઉસ ગેસ' તરીકે કયો ગેસ જાણીતો નથી ?

(A) મીથેન (Methane)
(B) નાઈટ્રેસ ઓક્સાઈડ (Nitrous Oxide)
(C) કાર્બન ડાયોક્સાઈડ (Carbon - dioxide)
(D) હાયડ્રોજન (Hydrogen)

083. પૃથ્વી ઉપર સૌથી સખત કુદરતી તત્ત્વ કયું છે ? (The hardest naturally occurring substance)

(A) સોનું (Gold)
(B) લોખંડ (Iron)
(C) હીરો (Diamond)
(D) પ્લેટીનમ (Platinum)

084. ગેલ્વેનાઈઝ આયર્ન શીટ (Galvanised Iron Sheet) ઉપર શાનું આવરણ (Coating) ચઢાવવામાં આવે છે ?

(A) સીસુ (Lead)
(B) ક્રોમિયમ (Chromium)
(C) જસત (Zinc)
(D) કલાઈ (Tin)

085. ભારત સરકારનું ગર્વ પોર્ટ (GARV Portal) કયા કાર્યક્રમ સાથે સંકળાયેલ છે ?

(A) ઉડાન યોજના

(B) ઉન્નત જ્યોતિ, LED Lamp યોજના

(C) ગ્રામ્ય વિસ્તારના ઘરોમાં વીજળી જોડાણ આપવાની યોજના

(D) 'ગીવ અપ' યોજના

086. સાઉથ એશિયા ગ્રોથ ક્વૉર્ડેંગલ (South Asia Growth Quadrangle)માં કયા દેશો આના સભ્ય છે ?

(A) બાંગ્લાદેશ, ભુતાન, ભારત, નેપાલ

(B) મ્યાનમાર, બાંગ્લાદેશ, ભારત, શ્રીલંકા

(C) થાઈલેન્ડ, મ્યાનમાર, બાંગ્લાદેશ, શ્રીલંકા

(D) માલદીવ, શ્રીલંકા, ભારત, બાંગ્લાદેશ

087. ILO (International Labour Organisation) માટે કયુ વાક્ય / વાક્યો સાચાં છે ?

1. ILO એ ત્રિપક્ષીય સહકારથી ચાલતી સંસ્થા છે.
2. ભારત તેના સ્થાપક દેશો પૈકીનું એક છે.

(A) માત્ર પ્રથમ

(B) માત્ર બીજું

(C) 1 અને 2 બંને સાચાં છે.

(D) 1 અને 2 બંને સાચાં નથી.

088. કયા સંજોગોમાં યલો એલર્ટ, ઓરેંજ એલર્ટ અને રેડ એલર્ટ(Yellow, Orange and Red Alert) જેવા શબ્દોનો ઉપયોગ થાય છે ?

(A) ચક્રવાત (Cyclone) માટેની સાવચેતી

(B) ઠંડી (Cold) માટેની ચેતવણી

(C) ગરમી (Heat) માટેની સાવચેતી

(D) પૂર (Flood) માટેની ચેતવણી

089. હાલમાં ભારત-બાંગ્લાદેશમાં ઘણા કરારો થયા છે. પરંતુ નીચેના પૈકી કઈ બાબતે કરાર થયેલ નથી.

(A) સંરક્ષણ ક્ષેત્રમાં સહકાર

(B) આકાશનો શાંતપૂર્વક ઉપયોગ

(C) તીસ્તાં પાણીની વહેંચણી (Teesta Water Sharing)

(D) ન્યુક્લીયર શક્તિનો શાંતીપૂર્વક ઉપયોગ

090. 'બરાક સરફેસ ટુ એયર મિસાઈલ' હાલમાં નૌસેના માટે ખરીદવાનું આયોજન થયેલ છે. (Barak Surface to Air Missile) આ મિસાઈલ કયા દેશ દ્વારા બનાવવામાં આવેલી છે ?

(A) રશિયા

(B) ઈઝરાયેલ

(C) ફ્રાન્સ

(D) અમેરીકા

091. ભારતમાં પુખ્ત નાગરિકને મત આપવાનો અધિકાર એ કયા પ્રકારનો અધિકાર છે ?

(A) બંધારણનો અધિકાર

(B) કાયદાનો અધિકાર

(C) A અને B બંનેનો અધિકાર

(D) કોઈપણ અધિકાર નથી.

092. "ભારત કા વીર" પોર્ટલ કયા હેતુથી બનાવવામાં આવેલ છે ?

(A) સ્વતંત્રતાના સંગ્રામના યોદ્ધાઓની માહિતી આપવા.

(B) "જલિયાંવાલા બાગ"ના પ્રસંગની વિગતો આપવા.

(C) શહીદ થયેલ સૈનિકોના બાળકોને મદદ કરવા માટે સહાયરૂપ થવા.

(D) દેશમાં બાળકો દ્વારા કરવામાં આવેલ સારા કામનો ખ્યાલ આપવા.

093. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંગેની દેખરેખ કયું મંત્રાલય કરે છે ?

(A) આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય
(B) વાહન વ્યવહાર અને હાઈવે મંત્રાલય
(C) નાણા મંત્રાલય
(D) સમાજ સુરક્ષા મંત્રાલય

094. લકી ગ્રાહક યોજના અને ડીજી-ધન વ્યાપાર યોજનાનું અમલીકરણ કોણ કરે છે ?

(A) નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા (National Payment Corporation of India)
(B) રીઝર્વ બેંક ઑફ ઇન્ડિયા
(C) નાબાર્ડ
(D) સીડબી

095. "યલો કેક" (Yellow Cake) એ કઈ બાબત સાથે સંકળાયેલ છે ?

(A) દરીયામાંથી મળતા દ્રવ્યો
(B) કોલારની ખાણોમાંથી મળતું કાચુ સોનું
(C) ન્યુક્લીયર રીએક્ટરનું બળતણ
(D) કોલસાના ખનન દરમ્યાન મળતો કાચો કોલસો

096. શ્રી એમ. પી. શર્મા વિરૂધ્ધ સતીષચંદ્રા અને ખરક સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઑફ યુ.પી., હાલમાં કઈ બાબતના સંદર્ભમાં ચર્ચામાં છે ?

(A) રાઈટ ટુ એજ્યુકેશન (Right to Education)
(B) રાઈટ ટુ ઈન્ફરમેશન (Right to Information)
(C) રાઈટ ટુ પ્રાયવસી (Right to Privacy)
(D) રાઈટ ટુ ફુડ (Right to Food)

097. ભુરસીંઘ ધ બારાસીંગા (Bhoorsingh the barasingha) એ કયા ટાઈગર રીઝર્વનું માસ્કોટ (Mascot) છે ?

(A) કોલાડીયો (Keoladeo)
(B) બુક્સા (Buxa)
(C) કાન્હા (Kanha)
(D) ડમ્પા (Dampa)

098. દેશનું સૌ પ્રથમ 'પેરા એથલેટ્સ' માટેનું તાલીમ કેન્દ્ર કયા રાજ્યમાં શરૂ થનાર છે ?

(A) ગુજરાત
(B) કર્ણાટક
(C) ગોવા
(D) કેરળ

099. હાલમાં શણના લઘુત્તમ ભાવમાં વધારો કરવામાં આવેલો છે. આ કારણથી કયા રાજ્યના ખેડૂતોને ફાયદો થશે ?

(A) મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહાર
(B) છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને બિહાર
(C) પશ્ચિમ બંગાળ, આસામ અને બિહાર
(D) પશ્ચિમ બંગાળ, ઓડીસા અને મધ્ય પ્રદેશ

100. પાવર ટેક્સ ઇન્ડિયા (Power Tex India) યોજના કયા ક્ષેત્ર માટે બનાવવામાં આવેલી છે ?

(A) વધુ કાર્યક્ષમ પાણીના પંપ બનાવવા / વેચવા માટે
(B) પાવરલુમ ક્ષેત્ર માટે
(C) વાહન વ્યવહાર ક્ષેત્રમાં નવા ફેરફાર કરવા માટે
(D) કરવેરાનું માળખું વધુ સરળ બનાવવું